

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

માનવતાની દવામાં નફાખોર વધતા જાય છે,
માનવમૂલ્યોમાં પણ દગાખોર વધતા જાય છે,
વધતા જાય છે વ્યાજખોરો, શોષણ કરે લાચારીનું -
બે-ભાન છે યુવાની, નશાખોર વધતા જાય છે.

હાઈકુ

સૂતા ઘેનમાં
ઘેનમાં કોણ જાશે?
યુવાનો વિના
(આળશના અજગરની ભીંસ)

લાગ્યો યુવાને
ચરસનો ચસકો
વાલીઓ ચીખે

### ચિંતન

અશ્વં નૈવ ગજં નૈવ વ્યાગ્રં નૈવ ચ નૈવ ચ ।
અજાપુત્રં બલિ દવા દેવો દુર્લભ ઘાતકઃ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

દેવતાઓ ને જયારે બલિ આપવાનો હોય, ત્યારે ઘોડાનો નહીં હાથીનો નહીં, વાઘનો તો નહીં નહીં ને નહીં પણ અજાપુત્ર એટલે કે 'બકરા' નો બલિ અપાય છે, ખરેખર દેવો પણ દુર્લળ વિરોધ ન કરી ન શકનાર નબળા ના જ ઘાતક બને છે. આજકાલ રેલવે અકસ્માત થાય, ડેમ - નહેરો તુટી જાય, મોટી જાનહાની થાય તેવી કોઈ પણ સરકારી હોનારત થાય ત્યારે જે તે ખાતાંનાં પ્રધાન-સચિવનો નીતિ વિષયક દોષ જોવાતો નથી. પણ અકસ્માત સ્થળે ફરજ બજાવતો તદ્દન નાનો 'ફાટકવાળો' કે 'લાઈનમેન' જ બધા દોષનો બકરો બની સસ્પેન્ડ થાય છે.

સમાજમાં બલવાન લોકો તો બોલીને કે સામ-દાંડ-દંડથી પણ વિરોધ કરી શકે છે. નાનો માણસ કંઈ જ બોલી શકતો નથી. 'સમરથ કો દોષ નહીં ગોંસાઈ' સમર્થ માણસ ગમે તેટલાં કૌભાંડ કરે અંતે તો 'નોંધ મૂકનાર' પર જ રેલો આવે છે. અહીં, દેવતાઓ પણ હાથી-ઘોડા-સિંહ-વાઘના બલિથી પ્રસન્ન થતા નથી. એ પણ બિચારા 'મૌન બકરા' નો જ બલિ માંગે છે.

### સુવિચાર

- આજ કિતાબોં કા હાથ પકડ લો,
  કલ કામ માંગને કે લિયે લોગોં કે પૈર પકડને કી નૌબત નહીં આયેગી - **સુદર્શન ટિકેલ**
- લાત મારવામાં જેટલો શ્રમ પડે છે એના કરતા ઓછો શ્રમ પીઠ થાબડવામાં પડે છે અને પાછું પરિણામ વધુ સારું આવે છે - **અમૃતબિંદુ**
- દેવતા,રાજા, બ્રાહ્મણ, વૃદ્ધ, બાળક અને રોગી પર આવનારા ગુસ્સાને પ્રયત્નપૂર્વક અટકાવી દેવો જોઈએ - **વિદુર**
- ઠંડી, ગરમી, ભય, પ્રેમ, સમૃદ્ધિ, દરિદ્રતા જેવી બાબતો જેવા કાર્ય આડે આવી શકતાં નથી એ પંડિત કહેવાય છે - **અમૃતબિંદુ**
- આપણી ખુશી નો સ્રોત આપણી અંદર જ છે,
  આ સ્રોત અન્ય પ્રતિ સંવેદના દ્વારા વૃદ્ધિ પામે છે - **દલાઈ લામા**
- જેને શંકા હોય તે કરે શોધ ખુદાની અમને શ્રદ્ધા છે માનવમાં જ ખુદાની - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : મગફળીનું તેલ ૧૦૦ ગ્રામ અને સિંધાલૂણ ૨૦ ગ્રામ ઉકાળી, ઠંડુ પડ્યે શરીરે માલિશ કરવાથી કળતર મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ભક્ત અબૂબન બધાં ઉપર સમાન દષ્ટિ રાખે. સૌનું ભલું કરે. પૈસાનો મોહ નહિ. બીજી કોઈ લાલસા નહીં. બસ સમય મળે એટલે માનવની સેવા - સુશ્રુષા કરે જાય. એકવાર મધરાતે. ઊંઘમાંથી ઊઠલા અબૂબને જોયું તો એની ઝૂંપડીમાં અલૌકિક ઉજાસ જોયો. જાણે મધરાતે સૂર્ય ઉગ્યો હોય !! અબૂબને જોયું તો એક દેવદૂત સોનેરી પુસ્તકમાં કંઈક લખી રહ્યા હતા. અબૂબનએ દેવદૂત પાસે ગયા અને પૂછ્યું, 'આપ મધરાતે આ દિવ્ય પુસ્તકમાં શું લખી રહ્યા છો?' દેવદૂતે કહ્યું, 'આ પુસ્તકમાં ઈશ્વરના સાચા ચાહકોનાં નામ લખું છું. જે અલ્લાહના બંધા છે કે જેઓ સાચા દિલથી બંદગી કરે છે એમનાં નામ એકઠાં કરું છું.' અબૂબને પૂછ્યું, 'શું એમાં મારું નામ લખ્યું છે ખરું ?' દેવદૂતે કહ્યું, 'ના.' અબૂબને કહ્યું, 'ઈશ્વરના ચાહક તરીકે મારું નામ ન લખ્યું હોય તો કશી હરકત નથી. પરંતુ એટલું લખી લો કે અબૂબન સૌ માનવીઓને હૃદયથી પ્રેમ કરે છે, સેવા કરે છે.' એટલામાં દેવદૂત અદૃશ્ય થયો. અને બીજી રાતે ફરી આવ્યો. એણે સોનેરી પુસ્તક અબૂબનની સામે મૂક્યું. ભક્ત અબબૂને જોયું કે પુસ્તકમાં જેટલા ઈશ્વરભક્તોનાં નામ લખ્યાં હતા. એમાં એનું નામ સૌથી પહેલું લખ્યું હતું. અબૂબને આશ્ચર્યથી અવાચક થઈ ગયો. દેવદૂતે કહ્યું, 'જનસેવકએ જ સાચો પ્રભુસેવક છે, જનતાને પ્યાર કર્યા વિના પ્રભુનો પ્યાર મળતો નથી.' પ્રભુનો સાચો ભક્ત કોઈ મઠ કે મંદિર કે મસ્જિદમાં નહીં મળે એ તો જગતના કોઈ ખૂણે એકલો બેસી સંસારની વચ્ચે રહીને નિજાનંદની મસ્તીથી ભક્તિભાવનો એકતારો બજાવતો હશે.

# ક્યારેક ગાંધી નામે આવી'તી એક આંધી...

'તમે ગાંધીજીને જોયાં છે ?'

આપણા શ્રેષ્ટ કવિ ઉમાશંકર જોષીની એક કવિતા આવા પ્રશ્નથી શરૂ થાય છે. સામાન્ય રીતે પ્રશસ્તિ કાવ્યોને કવિતાની સાચી ગરિમા બહુ ઓછી સાંપડતી રહી છે. રાજા રજવાડાંના દરબારી કવિઓ માટે પ્રશસ્તિ એ આજીવિકાનું સાધન હતું. પરંતુ ક્યારેક સાચી પ્રશસ્તિ ઊંચી કવિતા પણ બની જતી હોય છે. 'પૃથ્વીરાજ રાસો' એ ચંદબરદાઈનું આવું કાલજયી પ્રશસ્તિ કાવ્ય છે. એ જ ધારામાં ઉમાશંકર વિશ્વશાંતિના દૂત તરીકે ગાંધીને ઓળખાવતું કાવ્ય રચે, દુલાય ભાગા કાગ એમની ચારણી શૈલીમાં ગાંધીને બિરદાવે કે મેઘાણી 'છેલ્લો કટોરો' પી જવાની અપીલ કરતું કાવ્ય એમને હાથોહાથ પહોંચાડે ત્યારે એ કાવ્યો માત્ર કશું મેળવવાના ઈરાદાથી લખાયેલ પ્રશસ્તિ નથી બનતી. ગાંધીજી વીસમી શતાબ્દીના સાચા મહાનાયક હતા. એમને દુનિયા આખી એ સ્વરુપે સ્વીકારી ચૂકી છે ત્યારે એમની અહિંસક વિચારધારાની તદ્દન સામા છેડાના લોકો એમનો અંગ્રેજોના મળતિયા કહીને ઉતારી પાડવા પ્રયાસ કરે કે પછી સરદાર પટેલનો અન્યાય કરી જવાહરલાલ નહેરુને આગળ ધરી દેશનું ધનોતપનોત કાઢનારા ગણે, ભારતના ભાગલા વખતે પણ મુસલમાનોની ઢાલ થઈને ઊભા રહેનારા કહી એમનો ઉપહાસ કરે, 'રઘુપતિ રાઘવ, રાજારામ' વાળી ધૂનમાં 'ઈશ્વર અલ્લા તેરો નામ' ઉમેરી મૂળ ભજનના 'હિંદુત્વ'ને હાનિ પહોંચાડનારા ગણે - એમને રાષ્ટ્રપતિ માનવાના મુદ્દે મત મતાંતર ચાલતાં રહે - એથી રાજઘાટ પર સૂતેલા એ ૧૯૪૮ના શહીદને કશો ફરક પડે છે? જો એણે આખી ચળવળમાં ક્યાંય પોતાના કે પોતીકાં માટે પદપ્રાપ્તિની અપેક્ષા રાખી હોત તો વિશ્વના બીજા ક્રાંતિવીરો જેવા એક આઝાદીના લડવૈયા જ બનીને રહી ગયા હોત. એમણે એવું તો કદી સ્વપ્ને પણ નહોતું વિચાર્યું. મૂળે એ 'ફકીર' હતા, રાજકારણી નહીં, અંગ્રેજ હાકેમો એમને ઉતારી પાડવા માટે એ ઉપમા યોજી હતી, પણ ખરેખર ફકીર હતા અને એમનું મૂળ ધ્યેય તો કંઈ જુદું જ હતું. એમણે આત્મકથાની પ્રસ્તાવનામાં એની સ્પષ્ટતા પણ કરી છે. એ તો પળે પળની સત્યની શોધમાં લાગેલા હતા. સત્ય એ જ ઈશ્વર - એની એમને પ્રતીતિ થઈ ચૂકી હતી અને તેથી વિશ્વના મહાન ધર્મગ્રંથોએ હાથવગા રાખી એમાંથી રોજેરોજ આચમન કરતા અને

**તંત્રીસ્થાનેથી...**

સમૂહ પ્રાર્થનામાં કરાવતા. ગીતા એમના માટે દરેક સમસ્યાની માર્ગદર્શિકા હતી. સાથે જ કુરાન અને બાઈબલ તથા તુલસીકૃત રામચરિત માનસમાંથી એ પ્રેરણા મેળવતા રહેતા. ગાંધીજી હવે માત્ર મૂર્તિ બની ગયા છે. એ તો આચરણમાં માનતા હતા. આડંબર એમને મુદ્દલ નહોતું ગમતું. પણ જયારે 'હિંદ સ્વરાજ' ની કલ્પના કરતાં જુદી જ ભાતનું સ્વરાજ પ્રાપ્ત થયું ત્યારે એમનું હૈયું થડકારો ચૂકી ગયું : 'ના, ના, ના... આવું સ્વરાજ તો મને સપનામાંય નહોતું ખપતું!' - એમણે તો ગ્રામસ્વરાજ અને રાજરાજયની મધુર કલ્પના કરેલી. બુનિયાદી કેળવણીનો કોન્સેપ્ટ રજૂ કરતી ગૂજરાત વિદ્યાપીઠ શરૂ કરેલી. દેશને એક તાંતણે બાંધી શકે એવી 'હિંદુસ્તાની' - (હિંદી - ઉર્દૂ અને પ્રાદેશિક ભાષાઓના શબ્દો ઉદારતાપૂર્વક સ્વીકારતી) રાષ્ટ્રભાષાની રજૂઆત કરેલી. અસ્પૃશ્યતા નિવારણ અને દારૂબંધી એમનો મન આઝાદી કરતાં પણ વધુ મહત્ત્વના વિષયો હતા. જયારે એમનો એમાંનું કશું સાકાર થાય એ પહેલાં જ દેશના ભાગલાના ભોગે આઝાદીની ઑફર કરાઈ ત્યારે એ કેટલા દુઃખી થયા હશે એ તો એમને મહાભારતકારની જેમ હાથ ઊંચા કરી કહી દીધું ત્યારે જ દુનિયાએ જાણ્યું હતું. એમને હવે લાંબું જીવવામાં રસ નહોતો રહ્યો કારણ કે કોઈ એમની વાત સાંભળવા નવરું જ ન હતું ! આજે એ મહાત્મા - પુણ્યાત્માના પ્રાગટ્યપર્વે એમની સ્મૃતિવંદના કરીએ છીએ એ પણ એમને તો મશ્કરી જેવી જ લાગી હોત.

# લોકોને સમજવાનો સમય આવી ગયો છે

## સરકાર એટલે તમે અને તમે એટલે સરકાર



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર

આજે નિલેશ સૌથી પહેલા આવી ગયેલો. નિલેશની સાથે-સાઓથે જ વિપુલ પણ હતો. વિપુલે કહ્યું, અરે યાર આ બે ડાહ્યાલાલ અને ગાંડાલાલ હોય છે એ બંને આપણને સાવ ગાંડા જ સમજે છે. એ લોકો એટલું બધું બોલે બોલ કરે છે કે જાણે બધું એમને જ આવડે છે. આપણો વારો તો આવવા દેતા જ નથી જાણે આપણે તો અહીંયા ચા પીવા જ આવીએ છીએ. મૂંગા બનીને સાભળી રહેવાનું. નિલેશે કહ્યું વિહુલ આ વાત હકીકત છે પણ આપણી કંઈક જવાબદારી હોય ગમે તે જોડે ગમે તે તોફાન ના કરાય. ડાહ્યાલાલ અને ગાંડાલાલ બંને જણા વિચારીને બોલે છે. ડાહ્યાલાલની પાસે જેટલું જ્ઞાન છે તેટલું જ જ્ઞાન ગાંડાલાલ પાસે છે. પણ ગાંડાલાલ જરા બોલવાનાં ઉતાવળિયા છે. જયારે ડાહ્યાલાલ થોડા વધારે ડાહ્યા છે અને વિપુલ એવું વધારે બોલે છે કે ઓછું બોલે એવું ના હોય. ડાહ્યાલાલ અને ગાંડાલાલ આપણને બોલવાની ના નથી પડતા. આપણે જ બોલતા નથી. વાતાવરણમાં ચારેબાજુ ઠંકડ છે. પાણી ભરાયેલો છે. કાદવ-કીચડ છે. વાતાવરણ ભેજવાળું છે. હવે આ આ વાતાવરણમાં ગમે તેટલું સરકાર સાચવે છતાં પણ લોકો એવું સમજતા નથી. આપણા ઘરમાં અથવા તો આપણા ઘરની આજુબાજુ અને જ્યાં જયાં પાણી ભરાયેલા હોય ત્યાં ત્યાં સાફ કરીને ચોખ્ખું રખાવામાં આવે તો કોઈ પણ રોગનો ઉપદ્રવ શક્ય નથી.

વિપુલે પૂછ્યં એવું કંઈ રીતે ?

નિલેશભાઈ એમાં એવું છે. અમેરિકામાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા કે વાયરલ ફિવર કે કૉલેરા, ટાઈફોઈડ વગેરેના કેસ ઓછા જોવા મળે છે. અથવા તો હોતા નથી એનું શું કારણ ? એનું કારણ સરકાર જેટલી સજાગ છે તેટલા જ લોકો પણ સજાગ છે. આપણો ભારતીય અમેરિકા ગયો હોય તો ચોકલેટ ખાધા પછી એનું કાગળ ખિસ્સામાં મૂકે એનો એ જ ભારતીય ભારતમાં તમાકુનાં કવર અથવા તો ચોકલેટના કવર રોડ ઉપર નાખી દેશે. આવું કેમ ? અમેરિકામાં આ ભારતીયને ડર છે કે જો ભુલથી પણ આવું ફેંકતાં કેમેરામાં પકડાઈએ અથવા તો પોલીસના હાથે પકડાઈએ તો સારા એવા ડૉલરનો દંડ થઈ શકે. અને કોર્ટમાં પણ જવું પડે. આપણા ભારતમાં પણ આ જ પ્રકારના નિયમો છે છતાં પણ લોકો નિયમને અનુસરતા નથી કેમ ? કદાચ એવું હશે કે અહીંયા કોઈ પૂછતું નહીં નિયમો છે પણ એને તોડવામાં કંઈ વાંદો નહીં. સિક્યુરિટી માટેના જેટલા ઉપકરણો જેટલા જોઈએ એટલા ઓછા છે પોલીસતંત્ર જેટલું સજાગ જોઈએ એટલું સજાગ કદાચ હોય કે ન પણ હોય એના હિસાબે લોકો બેફામ બન્યા છે. અને બીજી વસ્તુ સકેન્દ્રિત સ્વાર્થીપણે મારે શું ? કોઈ માણસ દાઢી વધારે અને સારી ના લાગતી હોય તો આપણે એનું કહેવું કે દાઢી કાપી નાખ. પણ આપણે કહીએ મારા બાપનું શું જાય છે. દાઢી વધારવી હોય તો વધારે, કાપવી હોય તો કાપે. આપણા બાપનું શું ? કોઈને લાલ કપડા પહેરવા હોય તો ના પહેરવા હોય તો ના પહેરે. આપણા બાપનું શું ? અરે આવી વાત ના કર અમેરિકામાં તો લોકો અડધા કપડા પહેરીને ફરે છે. ટૂંકમાં જેનાથી લોકોની સુખાકારી ઉપર અથવા તબીયતમાં ફેરફાર પડવાનો હોય જે અચુક નિયમો કરવા જોઈએ. ગંદકી ના હોય કે મચ્છર ના હોય માખી. ના હોય તો મેલેરિયા પણ ના હોય, કે ડેન્ગ્યુ પણ ના હોય, કમળો ના હોય, ચિકનગુનિયા ના હોય. મજાક કરતા વિપુલે કહ્યું આ કોરોના તો હોય કારણ કે એને આખી દુનિયામાં કોઈ ભગાડી નહીં શકે. નિલેશે કહ્યું માસ્ક પહેરી રાખશો, સાવચેતી રાખશો તો કોરોના પણ નહીં હોય.

# તારાં મનનું ગાણું એકલો ગાને રે... એકલો જાને રે...



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

૧૫મી ઓગસ્ટ – ૧૯૨૧ દરેક વર્ષની જેમ અસંખ્ય ભારતવાસીઓને ફરી એક વખત આપણી સ્વાધિનતાની મીઠી સ્મૃતિ કરાવીને વિદાય લે તે સ્વાભાવિક છે. સ્વાધિનતા કે સ્વતંત્રતા એ કોઈપણ નાગરિક સમાજ માટે નાની કે નગણ્ય વાત નથી. વિશ્વના અનેક ભાગના લોકો કે જેમને સ્વાતંત્ર્યની મુક્ત હવાનો લાભ મળી શકતો નથી. તેઓ આ પીડાને વધારે સારી રીતે સમજી શકે છે. સ્વતંત્રતાની મીઠાશનું ગાન આ ભાવ સાથેજ ઝવેરચંદ મેઘાણીએ ઊંડા ઊર્મિભાવથી ગાયું છે :

તારા નામમાં ઓ સ્વતંત્રતા
મીઠી આ શી વત્સલતા ભરી !
મુરદા મસાણેથી જાગતાં –
એવી શબ્દમાં શી સુધા ભરી !

પરંતુ પંદરમી ઓગસ્ટના આ શુભ દિવસે એક મહામના મહાત્માની તથા ૧૫મી ઓગસ્ટ – ૧૯૪૭ના દિવસની પણ સ્મૃતિ થવી જોઈએ. ૧૯૪૭ની આ સ્મૃતિમાં છલોછલ આનંદ તો હોય જ. સદીઓની પરાધિનતા પછી એક વિરાટ રાષ્ટ્ર મુક્તિની મીઠી લહેરખીનો અનુભવ કરે તે પોતેજ એક અસાધારણ ઘટના છે. દિલ્હી સહીત દેશના અનેક નગરો તેમજ ગામડાઓમાં સ્વાધિનતા પર્વના તે દિવસે પણ ખુશીનો કે ઉજાણીનો માહોલ હશે. મુક્તિના વિરાટ પ્રતિક સમા ઐતિહાસિક લાલકિલ્લા પરથી પંડિત જવાહરલાલ નહેરુએ ધ્વજ ફરકાવ્યો હશે ત્યારે દિલ્હીની રોશનીનો ઝગમગાટ અભૂતપૂર્વ રહ્યો હશે. દેશના તમામ ગણમાન્ય રાષ્ટ્રીય નેતાઓ દિલ્હીની આ ઉજવણીની ખુશાલીને પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન આપતા હશે. હા, આ તમામ ઉજવણીઓમાં માત્ર એક સુકલકડી કાયાની ત્યાં હાજરી ન હોવાની નોંધ અનેક માનવીઓએ ઊંડી ખીન્નતા સાથે લીધી હશે. મુક્તિગંગાના આ જનક પુરુષ દિલ્હીથી માઈલો દૂર બેઠા હતા. દ્વેષ તથા વેરભાવનાના ધુમ્મસમાં વિંટળાયેલા કલકત્તા શહેરમાં અનેક વિપરીત સંજોગોમાં પ્રેમ તથા ભાઈચારાનો સંદેશો સંભળાવવા જોખમ લઈને પણ સતત ભટકતા હતા. 'ગાંધી પાછા જાઓ'ના નારા સાથે શહેરમાં પ્રવેશેલા આ વિરાટ વ્યક્તિએ માત્ર બે થી ત્રણ દિવસના ટૂંકા ગાળામાંજ પરિવર્તન કરાવ્યું હતું. જેમના સ્વરૂપને મેઘાણીએ 'સૌમ્ય, રૌદ્ર, કરાળ, કોમળ.. બાપુ' કહીને ગાયું હતું તેની શાંત, મક્કમ તથા સત્યવાણીએ કલકત્તા શહેરના જનમાનસમાં પરિવર્તન કરાવ્યું હતું. તોફાનોએ વિરામ લીધો હતો. આ ચમત્કાર હતો. દેશના અન્ય કેટલાક હિસ્સાઓમાં ભારે પોલીસ બંદોબસ્ત છતાં ખૂના મરકી ચાલુ રહ્યા હતા. આ હકીકતના સંદર્ભમાં હિન્દના છેલ્લા વાઈસરોય ૧૫ ઓગસ્ટ - ૧૯૪૭ પછી તરતજ બાપુને પત્ર લખે છે. વરિષ્ઠ તથા વિચક્ષણ અંગ્રેજ અધિકારીના પત્રના આ શબ્દોથી ગાંધીજીનું સુરેખ વ્યક્તિત્વ વિશેષ ઝળહળી ઉઠે છે. લોર્ડ માઉન્ટબેટન લખે છે :

'પંજાબમાં અમારી પાસે પંચાવન હજાર સૈનિકો છે. આમછતાં વિશાળ પાયા પર ત્યાં રમખાણો ચાલી રહ્યા છે. બંગાળમાં અમારું દળ એક આદમીનું બનેલું છે – One Man Army – છતાં ત્યાં બિલકુલ રમખાણો નથી. એક લશ્કરી અમલદાર તરીકે તથા એક વહીવટકર્તા તરીકે આપને – એક આદમીના લશ્કરને – મુબારકબાદી છે. આપ તેને સ્વીકારશો' ગાંધીજીની હાજરીનું આવું સટીક મૂલ્યાંકન આશ્ચર્ય તેમજ અહોભાવ પમાડે તેવું છે. બાપુ દિલ્હીથી ઘણાં દૂર હતા છતાં તેમની છાયા દિલ્હીમાં પણ કેટલી પ્રભાવી હતી તે સ્પષ્ટ કરવા માઉન્ટબેટન આ પત્રમાંજ લખે છે :

'૧૫મી ઓગસ્ટે બંધારણસભામાં આપના નામનો ફક્ત ઉલ્લેખ થતાંની સાથેજ ઉમળકાભર્યો જયઘોષ થયો. આપે તે કદાચ કલકત્તામાં પણ સાંભળ્યો હશે. તે સમયે આપ ન હતા પરંતુ અમારા સૌના મન આપનાજ વિચારોથી ભરેલા હતા.'

મહાત્મા ગાંધી ૧૫મી ઓગસ્ટ – ૧૯૪૭ના મહાપર્વની ઉજવણી વેળાએ દિલ્હીમાંજ રહે તેવી જવાહરલાલ સહીત અનેક લોકોની ઈચ્છા હતી. ગાંધીજીને દેશના સર્વોચ્ચ નેતાઓ તરફથી આ વિનંતી કરતા પત્રો પણ ગયા હતા. પરંતુ આ મહાત્મા જૂદી માટીના બનેલા હતા. જૂન-૧૯૪૭થીજ બાપુના મનમાં એક ભારે ધમસાણ ચાલી રહ્યું હતું. 'પૂર્ણાહુતિ' માં પ્યારેલાલ લખે છે કે સ્વતંત્રતા મળ્યા પછી વેરઝેર તેમજ રાગદ્વેષના કારણે વાતાવરણ ડહોળવાની પૂરી સંભાવના મહાત્માને દેખાતી હતી. આમ થશે તો સ્વતંત્રતા ભસ્મીભૂત થઈ જશે તેમ બાપુ માનતા હતા. આથી તેમને લાગતું હતું કે કેન્દ્રમાં રહીને તેઓ ખાસ કશુ કરી શકશે નહિ. પ્રજાની રક્ષા તેમજ સલામતી માટે પોતાનું જીવન હોડમાં મૂકવા બાપુ પ્રતિબધ્ધ હોવાથી જોખમની આ નાજુક પળે પ્રજાની સાથે રહેવાનો તેમણે નિર્ણય કર્યો. કાશ્મિર ગયા. બીહાર ગયા. જે સમાચારો મળતા હતા તેના પરથી તેઓ કલકત્તા થઈને નોઆખલી (હાલ બંગલાદેશમાં) જવા માંગતા હતા. દિલ્હીના રોકાણને તેમણે બાજુએ રાખ્યું. તેમણે કહ્યું કે 'ખપી જતાં સુધી લડનારી ચીંથરેહાલ પલ્ટન' સાથેજ તેમનું રહેવું ઉચિત છે. દિલ્હીમાં નહિ. એ વાતની નોંધ લેવી જોઈએ કે તેમ ન કરવા માટે આ પ્રસંગે તેમને કોઈએ ખાસ આગ્રહ કર્યો નહિ. સૌને એ વાતની પ્રતિતિ હતી કે ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી વિશે બાપુના જે વિચારો હતા તે જોતાં રંગરાગના આ અવસરે તેઓ દિલ્હીમાં અટૂલા થઈ જશે. દેશના તે સમયના માહોલમાં ઉજાણી સબંધી બાપુની આ મનોદશા તેમને અન્યથી જૂદા પાડતી હતી. વર્ષો સુધી જેમણે ગાંધીની છત્રછાયામાં રહીને કામ કર્યું હતું તે સર્વને છોડીને આ એકલવીર સત્યના માર્ગે એકલો દ્રઢતા સાથે પ્રયાણ કરે છે. મશાલ સરીખું આ જીવન પારકા તેલની આશાએ જીવાતું ન હતું. કવિગુરુ ટાગોરે લખ્યું હતું અને મહાદેવ દેસાઈએ જેનો સુંદર ભાવાનુવાદ કર્યો હતો તે કાવ્ય બાપુના આ મહાપ્રયાણને લાગુ પડે તેવું છે.

જો સૌના મ્હો શીવાય
ઓ રે ઓ રે ઓ અભાગી
સૌના મ્હો શીવાય,
જ્યારે સૌ બેસે મ્હો ફેરવી
સૌએ ડરી જાય, ત્યારે
હૈયું ખોલી અરે તું મ્હો મૂકી
તારાં મનનું ગાણું એકલો ગાને રે..
એકલો જાને રે..

દરેક પંદરમી ઓગસ્ટે આ વિરાટ પુરુષ ગાંધીની પુનઃ સ્મૃતિ થવી તે સ્વાભાવિક છે.

# 'સત્યના પ્રયોગો'ની લેબોરેટરીમાં એકાદી લટાર મારવા જેવી છે!



**સંવેદનનું સ્ટેટસ**
રમેશ ઠક્કર

જગતમાં આત્મકથાઓ તો ઘણા લોકોએ લખી છે..આત્મનિવેદનો પણ અનેક ઉપલબ્ધ છે...વ્યકિત સફર જીવન જીવી શકે..જીવનના ચડાવઉતારને આસાનીથી પાર કરી શકે..પણ પોતાની વાત સંયમિત રીતે આલેખવી એ જેવું તેવું કામ નથી ! 'સત્યના પ્રયોગો' એક મહાન માણસની એટલી જ અદ્ભુત આત્મકથા છે..જેના લેખક છે મોહનદાસ કરમચંદ ગાંધી..સત્ય એ આ કથાનકનો પ્રધાન સૂર છે...ગાંધીજી ભારોભાર આસ્તિક છે..એમની આ શ્રધ્ધા એમના એક જ વાક્યમાં સચોટપણે વ્યક્ત થાય છે..'ઈશ્વરે મારી પ્રાર્થનાનો જવાબ ના આપ્યો હોય એવું ક્યારેય બન્યું નથી !'

આપણે નસીબદાર છીએ કે જગતની લગભગ તમામ ભાષાઓમાં ઉપલબ્ધ આ પુસ્તક અસલમાં ગુજરાતીમાં લખાયેલું છે..અખતરાઓ કરવા એ માણસમાત્રની વૃત્તિ હોય છે..વૈજ્ઞાનિકો પ્રયોગશાળામાં પ્રયોગો કરે છે..આપણે સહુ જીવવા માટે જુદા જુદા અખતરાઓ કરતા રહીએ છીએ..એવું કહેવાય છે કે જગત આખું સત્યની ધરી ઉપર ઉભું રહેલું છે..સત્ય એટલે શું ? એને માપવાના માપદંડો ક્યારેય હોઈ શકે ? ક્યું સત્ય અંતિમ ? જે વ્યકિતના જીવનની ક્ષણેક્ષણ આવી શોધ પાછો વીતી હોય એ જ માણસ આનો જવાબ આપી શકે..અને એટલે જ એમણે પોતાની આત્મકથાનું નામ રાખ્યું છે 'સત્યના પ્રયોગો' અને સત્ય શોધવા માટેની એમની પ્રતિબધ્ધતા જુઓ ? એ કહે છે..' મારા જેવા અનેકોનો ભલે ક્ષય થાય પરંતુ સત્યનો હંમેશાં જય થાય !'

સમગ્ર આત્મકથા કુલ પાંચ ખંડોમાં સાડી ચારસો કરતાં વધારે પૃષ્ઠોમાં ફેલાયેલી છે..ઈ.સ ૧૯૨૭માં એની પ્રથમ આવૃત્તિ થઈ હતી..એ પછી તો અગણિત વખત એ પ્રગટ થતી રહી છે..સમયના વહેવાની સાથે એનું લખાણ વધુને વધુ સ્વીકૃત થતું રહયું છે..એમાં વિતેલા ભારતની ઝાંખી સાથે કાઠિયાવાડના એક નાનકડા પ્રદેશનો સાધારણ બાળક..અનેક મર્યાદાઓ ધરાવતો મારા તમારા જેવો સીધોસાદો સામાન્ય નાગરિક..ક્રમશઃ સત્યને પોતાના જીવનની દીવાદાંડી બનાવી મહાત્મા થવા સુધીની મથામણ ભારોભાર પ્રામાણિકતા સાથે આલેખે છે..સમગ્ર કથામાં આલેખાયેલા પ્રસંગોમાં ક્યાંય નાટયાત્મકતા કે ચમત્કાર નથી..કોઈ આપવડાઈ નથી..સાદી છતાં ઓજસપુર્ણ ભાષામાં લખાયેલી વાતો વાચકને જાણે પોતીકી લાગે છે..એક ઝલક જોઈએ..

'મારા લેખોને કોઈ પ્ર્માણભૂત ન ગણે એમ હું ઈચ્છું છું.એવી મારી વિનંતી છે.તેમાં દર્શાવેલા પ્રસંગોને દ્રષ્ટાંતરૂપે ગણી સહુ પોતપોતાના પ્રયોગો યથાશક્તિ અને યથામતિ કરે એટલી જ મારી ઈચ્છા છે..કહેવા યોગ્ય એક પણ વાત હું છુપાવવાનો નથી.મારા દોષોનું ભાન વાંચનારને હું પૂરેપૂરું કરાવવાની આશા રાખું છું..મારે સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવા છે.હું કેવો રૂપાળો છું,એ વર્ણવવાની તલમાત્ર ઈચ્છા નથી.જે માપથી હું મારું પોતાનું માપ કરવા ઈચ્છું છું..અને જે માપ આપણે બધાએ પોતપોતાના માટે વાપરવું જોઈએ તે પ્રમાણે તો હું અવશ્ય કહું કે..મો સમ કોન કુટિલ ખલ કામી?'

ઉપરની કેફિયતમાં રહેલી નિખાલસતા જુઓ..સત્યને પામવાની તાલાવેલી ઉડીને આંખે વળગે એવી છે..પોતાના બાળપણમાં સાધારણ અંધારાથી પણ ડરતો મોહન કામવાળી બહેન રંભા પાસેથી 'રામ''નામનો મંત્ર પામે છે અને અભયને આત્મસાત કરી પોલાદી ગણાતી અંગ્રેજ સલ્તનતના કાંગરા હલાવી નાખે છે..

પિતાની સેવાને પોતાના જીવનની સાર્થકતા સમજતો કિશોર મોહન પોતાનાં માનવ સહજ સ્ખલનોને પણ કોઈ પણ છોછ વગર આલેખે છે..યુવા બેરિસ્ટર તરીકે પોતાને વકિલાતનું કશું જ આવડતું નથી અને પી.નોટ. એટલે પ્રોમીસરી નોટ એવી સામાન્ય જાણકારી પણ પોતાને ન હતી એનો પ્રામાણિક સ્વીકાર પણ કરે છે. પોતાની સાધારણ પ્રતિભાથી બરાબર અવગત બેરિસ્ટર મોહનદાસનું જીવન એક પુસ્તક બદલી નાખે છે...એમના અંગ્રેજ મિત્ર પોલોક એમને જ્હોન રસ્કિનનું પુસ્તક 'અન ટુ ધીસ લાસ્ટ' ટ્રેઈનની મુસાફરી માટે વાંચવા આપે છે અને નાનકડી મુસાફરીના અંતે આખું પુસ્તક વાંચી નાખવાની સાથે જ એમનું આખું જીવન ધરમુળથી બદલાઈ જાય છે...એ પ્રકરણ 'પ્રિટોરિયા જતાં' આખા પુસ્તકનું સૌથી રસપ્રદ પ્રકરણ છે..

મહાત્મા ગાંધીને માણસની 'સારપ'માં અતુટ આસ્થા હતી... આપણા જેવા અનેકને ગાંધીમાં પારાવાર શ્રધ્ધા છે..આ પુસ્તક વારંવાર વાંચવા જેવું છે..જેટલી વખત એ વાંચીએ એમાંથી નવી નવી ઊર્જા આપણને મળતી રહે છે..મારી વાત કરૂં તો જીવનની હતાશામાં હું 'સત્યના પ્રયોગો' એકલખૂણે વાંચું છું. અને હતાશા જાણે પૌષ્ટિક ખોરાક બની જાય છે...

ઈ.સ.૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવ્યા ત્યારે ગાંધીજી ૪૫ વરસના હતા..ભારત સદીઓથી ગુલામ હતું..બેહાલ હતું..ભારત વિશે ઘણુંબધું જાણવાનું બાકી હતું..બેરિસ્ટર મોહનદાસ કાઠિયાવાડી પોષાકમાં વતનની ધરતીને સ્પર્શી રહયા હતા..ભારતવર્ષમાં એક મહાત્માનો ઉદય થઈ રહયો હતો..ત્રીજા વર્ગના મુસાફર ગાંધીએ કરેલું ભારતદર્શન એ એમના જીવનનો સૌથી મહત્વનો પુરૂષાર્થ હતો..ગોખલેને એ પોતાના રાજકીય ગુરૂ માનતા હતા..શ્રીમદ રાજચંદ્ર સાથેની આધ્યાત્મિક ગોષ્ઠિ 'રાયચંદભાઈ' શિર્ષક હેઠળ અદ્ભુત રીતે આલેખાયાં છે. અંગ્રેજી ભાષા ઉપર ગજબનું પ્રભુત્વ હોવા છતાં એ પોતાની વાત ગુજરાતીમાં જ આલેખે છે..એની પાછળની ભાવના જુઓ.. 'માતૃભાષાની અવગણના કરવી એ પોતાની માતાની અવગણના કરવા બરાબર છે..' સ્વાભાવિક છે કે એમણે પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' ગુજરાતીમાં જ લખી..

આટલું જ નહીં એમના મોટાભાગના જગવિખ્યાત લેખો ગુજરાતીમાં જ લખાયા છે...એ અંગ્રેજી સહિત અનેક વિદેશી ભાષાઓ ઉપર કાબુ ધરાવતા હતા પરંતુ માતૃભાષા માટેનો એમનો આ પ્રેમ હતો..આત્મકથા અત્યારે દુનિયાની ૩૧ ભાષાઓમાં અનુવાદિત થઈ છે. કાશ્મીરી ભાષામાં પણ મળે છે..મહાદેવ દેસાઈએ કરેલ અંગ્રેજી આવૃતિ પણ સરસ છે..નવજીવન ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૬૦ લાખ જેટલી એની નકલો વેચાઈ ગઇ છે, જે એક રેકોર્ડ છે..આપણને જાણીને નવાઈ લાગશે કે એ સૌથી વધુ કેરળમાં વેચાઇ છે..જેની સંખ્યા સાડા સાત લાખ નકલની છે.. તમીલમાં સાત લાખ નકલો વેચાઇ છે..એ પછી હિન્દીમાં..અને આપણે ગુજરાતી લોકો સાતમા આઠમા ક્રમે છીએ ગાંધીને વાંચવામાં...! જહોન રસ્કિનના 'અન ટુ ધીસ લાસ્ટ' પુસ્તકમાંથી એમને 'પેસીવ રેસિસ્ટન્ટ' શબ્દ સ્પર્શી ગયો..જેનો અનુવાદ 'સત્યાગ્રહ' કરી એમણે એક અનોખી ગુજરાતી સુવાસ આપી. અને પીડ પરાઈ જાણવાની મથામણ શરૂ કરી. જગતને અહિંસાની શકિતનો પરિચય થયો..સ્વયંભૂ એમને માટે શબ્દ આવ્યો 'મહાત્મા' અને ભારતીયોના દિલમાં એ વસી ગયો...

'સત્ય અને અહિંસા એ ભારતીય સંસ્કૃતિના પાયા છે..એ મારી શોધ નથી..મેં તો ફકત એની ઉપાસના કરવાનો પ્રયત્ન કર્યો છે..મને મહાત્મા કહી દોષમાં ના નાખશો...' આ હતી એમની નમ્રતા..મુઠ્ઠીભર હાડકાં..સાધારણ દેખાવ...બેરીસ્ટર છતાં મને પી.નોટ.શું છે એ ખબર ન હતી એવું નિખાલસ રીતે કહેનાર.. ચાર્લી ચેપ્લિન કોણ છે ? એવું સહજપણે પુછનાર.ગાંધી મેટ્રિકમાં ફકત ચાલીસ ટકા માર્કસ લાવ્યા હતા..આજના યુવાનો કે વિદ્યાર્થીઓ નાની નાની વાતમાં હતાશ થઈ જાય છે એમના માટે ગાંધી નામ એ રામ નામ જેવું જ અમોઘ નામ છે.. એમને સરદારની લોખંડી શક્તિમાં અતુટ શ્રધ્ધા હતી,નેહરૂની વિદ્વતામાં વિશ્વાસ હતો..ઠક્કરબાપા કે રવિશંકર મહારાજની સેવામાં સધિયારો હતો..બાબાસાહેબ આંબેડકરની સંવેદના સ્પર્શતી હતી..મૌલાના આઝાદની કેળવણી કે કાકાસાહેબ કાલેલકરનો ભાષાવૈભવ કે

અનુસંધાન પાના નં. ૭ પર